# પંચમહાલ જીલ્લામાં પ્રગતિશીલ ખેડૂતોની
# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ખાતે એક દિવસીય તાલીમ

પંચમહાલ જીલ્લામાં પ્રગતીશીલ ખેડૂતોને **''નર્સરી ઉધોગ સાહસિકતા માટેનો એક દિવસીય ફીલ્ડ ડે કાર્યક્રમ''** તા.૧૫/૦૩/૨૦૨૪ ના રોજ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની ખાતે યોજવામાં આવેલ. આ અન્વયે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ધ્વારા વિકસિત જુદા જુદા શાકભાજી પાકોના જાતની લાક્ષણિકતાઓ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. ડૉ. એન. એ. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ધ્વારા ટામેટા અને મરચીમાં આદર્શ ધરૂ ઉછેરની માહિતી તથા નવીત્તમ જાતોની વિશેષતાઓ વિશે માહિતગાર કરવામાં આવેલ. ડૉ. એમ. એમ. પંડયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ધ્વારા રીંગણના પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને રીંગણના પાકમાં જોવા મળતા અગત્યના રોગ જીવાતો વિશે માહિતગાર કરવામાં આવેલ. શ્રી કે. જે. વેકરીયા, સીનીયર રીસર્ચ આસીસ્ટંટ અને ડૉ. ઉજવલ પટેલ, સીનીયર રીસર્ચ ફેલો ધ્વારા પોલી હાઉસ અને નર્સરીની મૂલાકાત તથા આદર્શ ધરૂ ઉછેર અંતર્ગત પ્રત્યક્ષ તાલીમ આપી માહિતગાર કરવામાં આવેલ. આ પ્રગતિશીલ ખેડૂતો વતી સીની ટાટા ટ્રસ્ટ, હાલોલના પ્રતિનિધિ શ્રી કિરણ ચૌહાણ ધ્વારા આભાર વ્યકત કરવામાં આવેલ.





